વર્ષ : ૧, અંક : ૧૨
ઓગસ્ટ, ૧૯૯૬

# દાદાવાણી

તંત્રી :
શ્રી દીપકભાઈ દેસાઈ

## ....અંતે નિરીચ્છક દશા !!

### સંપાદકીય

આ સંસારમાં ઈચ્છા એટલે પ્રગટ અગ્નિ. એક ઈચ્છા પૂરી થાય તો બીજી ઈચ્છા સળગાવીને પોતે જાય, આમ અજ્ઞાન દશામાં અગ્નિ સળગ્યા જ કરે. અને ઈચ્છા માત્રથી અંતરાય પડ્યા કરે. આત્મજ્ઞાની પુરુષ શ્રી દાદા ભગવાન પાસે આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે માત્ર આથમતી ઈચ્છાઓ રહે છે, જે માત્ર ફળ આપીને ખલાસ થતી જાય અને નવા બીજ પડતા બંધ થઈ જાય. અને અંતે નિરિચ્છક દશા પ્રાપ્ત થાય.

જ્યારે મોક્ષ સિવાય આ જગતની કોઈ પણ વિનાશી ચીજ ખપતી નથી અને મોક્ષદાતા પુરુષ પ્રાપ્ત થાવ એવી ભાવના દ્રઢ થાય, ત્યારે સંસારની કોઈ ઈચ્છા નહીં રહે. ત્યારે સંસારના અંતરાય પણ નહીં રહે !

પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીની ઈચ્છા સંબંધીની વાણીનું સંકલન થયું છે. ઈચ્છાનું સ્વરૂપ શું છે ? ઈચ્છા પ્રમાણે પ્રાપ્તિ થાય કે અંતરાય પડે ? સંસારની અનંત ઈચ્છાઓમાંથી નીકળીને નિરીચ્છક પદ પ્રાપ્ત થઈ શકે ? કઈ રીતે ? કુદરતના ઈચ્છા સામે નિયમો કેવા છે ? ક્યા છે ? સંતોષ અને તૃપ્તિનાં યથાર્થ ફોડ ક્યા છે ? આત્મજ્ઞાન પ્રાપ્ત થાય પછી ઈચ્છાઓ રહે ખરી ? એનું સ્વરૂપ કેવું ? તે સર્વ પ્રકારના અનેક ફોડ પ્રસ્તુત સંકલનમાં પ્રાપ્ત થાય છે અને આત્મજ્ઞાન જાગૃતિ પછી સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ દશામાં રહેવાનો પુરુષાર્થ અને ઝીણી સમજણ અત્રે ખુલ્લી થાય છે !

**જય સચ્ચિદાનંદ......**

વર્ષ : ૧, અંક : ૧૨
**ઓગસ્ટ, ૧૯૯૬**

# દાદાવાણી

**તંત્રી :**
**શ્રી દીપકભાઇ દેસાઇ**

## સંપાદકીય

આ સંસારમાં ઈચ્છા એટલે પ્રગટ અગ્નિ. એક ઈચ્છા પૂરી થાય તો બીજી ઈચ્છા સળગાવીને પોતે જાય, આમ અજ્ઞાન દશામાં અગ્નિ સળગ્યા જ કરે. અને ઈચ્છા માત્રથી અંતરાય પડ્યા કરે. આત્મજ્ઞાની પુરુષ શ્રી દાદા ભગવાન પાસે આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે માત્ર આથમતી ઈચ્છાઓ રહે છે, જે માત્ર ફળ આપીને ખલાસ થતી જાય અને નવા બીજ પડતા બંધ થઈ જાય. અને અંતે નિરિચ્છક દશા પ્રાપ્ત થાય.

જ્યારે મોક્ષ સિવાય આ જગતની કોઈ પણ વિનાશી ચીજ ખપતી નથી અને મોક્ષદાતા પુરુષ પ્રાપ્ત થાવ એવી ભાવના દ્રઢ થાય, ત્યારે સંસારની કોઈ ઈચ્છા નહીં રહે. ત્યારે સંસારના અંતરાય પણ નહીં રહે !

પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીની ઈચ્છા સંબંધીની વાણીનું સંકલન થયું છે. ઈચ્છાનું સ્વરૂપ શું છે ? ઈચ્છા પ્રમાણે પ્રાપ્તિ થાય કે અંતરાય પડે ? સંસારની અનંત ઈચ્છાઓમાંથી નીકળીને નિરીચ્છક પદ પ્રાપ્ત થઈ શકે ? કઈ રીતે ? કુદરતના ઈચ્છા સામે નિયમો કેવા છે ? ક્યા છે ? સંતોષ અને તૃપ્તિનાં યથાર્થ ફોડ ક્યા છે ? આત્મજ્ઞાન પ્રાપ્ત થાય પછી ઈચ્છાઓ રહે ખરી ? એનું સ્વરૂપ કેવું ? તે સર્વ પ્રકારના અનેક ફોડ પ્રસ્તુત સંકલનમાં પ્રાપ્ત થાય છે અને આત્મજ્ઞાન જાગૃતિ પછી સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ દશામાં રહેવાનો પુરુષાર્થ અને ઝીણી સમજણ અત્રે ખુલ્લી થાય છે !

**જય સચ્ચિદાનંદ......**

## ઈચ્છા એટલે...

**પ્રશ્નકર્તા :** ઈચ્છા એટલે શું ?

**દાદાશ્રી :** ઈચ્છા એટલે રૂમાં દિવાસળી ચાંપવી એનું નામ ઈચ્છા. આ રૂ પડ્યું છે તેનો વાંધો નથી. પણ જો દિવાસળી લઈને સળગાવીએ, એટલે ઈચ્છા કહેવાય.

ઈચ્છા એ તાપ કહેવાય, એ અગ્નિ કહેવાય. ઈચ્છા થઈ કે અગ્નિ સળગ્યો. કોઈ પણ જાતની ઈચ્છા થઈ કે અગ્નિ સળગ્યો. એ અગ્નિ ઓલવાય નહીં ત્યાં સુધી સળગ્યા જ કરે. એને ઓલવે ત્યારે શાંતિ થાય. નહીં તો ત્યાં સુધી શાંતિ થાય નહીં, સંતોષ ના થાય. ઓલવાય નહીં ત્યાં સુધી ઉપાધિ.

## ઈચ્છા કરીને દુઃખ વહોર્યું

જાત્રાએ જવાની ઈચ્છા કરીને ત્યારથી જ અગ્નિ ચાલુ થઈ ગયો. તે ના જાય તે દહાડે અકળામણ થઈ જાય.

કોઈ જગ્યાએ આપણો ભાઈબંધ સિનેમા જોઈને આવ્યો હોયને, તે ઘડીએ મનમાં એમ થાય કે, 'ના, આપણે સિનેમા જોવા જઈશું.' એ ઈચ્છા મહીં ઊગે, ઊગ્યા કરે. ને પછી ત્યાં આગળ જવું પડે. આ ઈચ્છામાં દુઃખ છે, અગ્નિ છે બધી. એ તો ઊલટું અગ્નિ સળગાવીને પછી સુખી કેમ થઈએ ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** પછી ઓલવાય નહીં. એ ઈચ્છા પૂરી ના થાય ત્યાં સુધી ઓલવાય નહીં. તમે પહેલાં દીવાસળી સળગાવેલી કે ? ઈચ્છા કરેલી ? એનો તાપ જોયેલો ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ નહીં સમજણથી ઈચ્છા કરે છે.

કોઈ દુકાને જાતજાતની મીઠાઈ હોય અને મહીં ઈચ્છા કરીએ તો એમાં કંઈ મીઠાઈ આપણા ઘરમાં પેસી જવાની છે ? 'એની મેળે આવી પડશે ત્યારે જમીશ', કહીએ. પણ એની ઈચ્છા નહીં. આપણે શું લેવાદેવા ?

ગમે એવી ગમતી ચીજ હોય પણ આપણે મનમાં ભાવ થાય તો કહીએ, 'મારે શું કરવું છે આને ? હું શું કરવા દીવાસળી સળગાવું ?' કેરીની ઈચ્છા કરી, મહીં સળગ્યું. તે જ્યાં સુધી પ્રાપ્ત ના થાય ત્યાં સુધી સળગતું રહે.

**પ્રશ્નકર્તા :** કોઈ વખત ખાવાની બાબતમાં ઈચ્છા કરીએ અને પછી જ્યાં સુધી ખાય નહીં, ત્યાં સુધી એ સંતોષ નહીં થાય.

**દાદાશ્રી :** ઈચ્છા કરીએ જ શું કરવા તે ? શાને માટે ? આપણે કહીએ કે, 'ચંદુલાલ, શું સમજો છો ? નકામા ભીખ માંગો છો ? અમે જાણી ગયા કે તમે ભીખ માંગો છો ? ખાવાની ઈચ્છા ? જાનવરો ક્યાં ઈચ્છા કરતા હતા ?' એવું કહીએ. આ જાનવરો તમને ખબર ના પડે ? બિચારા, પૂળા ને ઘાસ ને એ બધું ખાય. તે અહીં કેવા નાસ્તા ને બધું છે, તો ય આ મોજ કરતાં આવડ્યું નહીં ને માર ખા ખા કરે છે.

## તેનો આ ત્રિવિધ તાપ !

હું તો એક ફેરો રીસાયો હતો, નાનો હતો ત્યારે. તે મારું સુખ જતું રહ્યું એટલે પછી રીસાવાનું બંધ. હું સમજી જઉં કે ખોટ જાય,

એટલે બંધ કરી દઉં. કશું કાઢવાનું નહીં ને ખોટ નકામી જાય. ઈચ્છા કરાતી હશે ? ઈચ્છા તો ભયંકર અગ્નિ કહેવાય. ઈચ્છા કરી એટલે અગ્નિ સળગાવ્યો આપણે. તે જ્યારે પૂરી થાય ત્યારે એ અગ્નિ ઓલવાય. તેથી આ ત્રિવિધ તાપમાં છેને જગત. આધિ, વ્યાધિ ને ઉપાધિ ! જાતજાતની ઈચ્છાઓ !

આપણે તો 'વ્યવસ્થિત' સમજી ગયા. જ્યારે પ્રાપ્ત થવું હોય ત્યારે થાવ. મરવાની કેમ ઈચ્છા નથી કરતા કોઈ ? હા, એ તો કોઈ ના કરે.

**પ્રશ્નકર્તા :** લોકો શબ લઈને જતાં હોય, એ જોઈએ ને, તો ય મરવાની ઈચ્છા ના થાય.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** પોતાને એમ થાય કે 'હું નથી મરવાનો, હજી વાર છે મારે.'

**દાદાશ્રી :** હા. 'હું તો જીવવાનો છું.' હવે કાલે જ જવાના હોય, તો ય કહે કે 'હું જીવવાનો છું.' ગાંડપણને લઈને જ દુઃખી છે ને જગત ? જ્ઞાની પુરુષના શબ્દો સાંભળ્યા નથી.

કોઈ પણ જાતની ઈચ્છા કરી એટલે આ રૂની અંદર દેવતા સળગાવવો. તે ઈચ્છા પૂરી થાય ત્યારે ઓલવાય. બોલો, રાત્રે ય ઊંઘ ના આવે ને દહાડે ય ઊંઘ ના આવે. આ તો 'ફૂલિશ'નું કામ. હું તો કંઈ આ ફૂલિશ માણસ નથી. હું તો જરાકમાં ચેતી જઉં, એક ફેરો ખોટ ગઈ તે. એક ફેરો ખોટ ગઈ એટલે ફરી ખોટ નહીં ખાવાની. એ તો મૂરખાઓનું સામ્રાજ્ય. જેને ભાન ના હોય તે ખોટ ખાય ને આવે નહીં કશું ય હાથમાં.

## જ્ઞાન થકી સાયન્સ ખૂલ્યું !

એટલે હું નાનપણમાં સમજી ગયો કે આ ઈચ્છાઓ કરે છે તે જ અગ્નિ છે. એટલે હવે આપણે સળગાવવું જ નથી જ્યાં ને ત્યાં. સળગાવ્યા પછી ઓલવાય નહીં, ત્યારે ઊલટી ઉપાધિ ! ના ઓલવાય ત્યારે જ મારે આવું કરવું પડ્યું ને ? એક ભડકો અહીં બળ્યા કરે, એક ભડકો અહીં બળ્યા કરે. તે ઓલવવા લોક પાણી ખોળે છે, પણ પેટ્રોલ હાથમાં આવે છે અને છાંટે છે ! એક ઈચ્છા પૂરી થતી નથી, ત્યાં બીજી આવીને ઊભી રહે છે. ઉપરાઉપરી આવ્યે જ જાય છે. એટલે ઈચ્છા એ સાક્ષાત્ અગ્નિ છે. એ શોધખોળ છે મારી !

આ ઈચ્છાનું તો સાયન્સ છે આખું મોટું ! મારો તો એક એક શબ્દ સાયન્સ છે ! અમે શાસ્ત્રની વાત ના બોલીએ, દેખીને, આંખે દેખીને બોલીએ છીએ બધું !

## ઈચ્છા અસંખ્યાત, વસ્તુ સંખ્યાત !

ઈચ્છા તો બધાની ના કરે. આ સંસાર રસ છે, જે રસ એને પ્યારો હોય તેની ઈચ્છા કરે. આ કળિયુગમાં તો ચટણીની જ ઈચ્છાવાળા હોય, બધું ભોગવવાની ઈચ્છાવાળા ના હોય. એક થોડી ચટણી માટે આખી જિંદગી કાઢી નાખે.

દુઃખનું કારણ જ આ જગતમાં ઈચ્છા છે ને ! સંસારી ચીજની કોઈ ઈચ્છા ના રહેવી જોઈએ. આ જગતમાં વસ્તુઓ સંખ્યાત છે અને મનુષ્યોની ઈચ્છા અસંખ્યાત છે, અનંત છે. દુનિયાના લોકોની ઈચ્છાઓની નોંધ કરીએ અને જગતની તમામ લક્ષ્મીની નોંધ કરીએ તો મેળ ખાય ?

## રહેવું આમ નિરીચ્છક !

દરેક વસ્તુ આવી મળે, એની મેળે જ આવે, વસ્તુનો સ્વભાવ છે. તમે ઈચ્છા ના કરો તો ય આવી પડે, 'વ્યવસ્થિત'ના નિયમથી. અને ઈચ્છા કરો તો ય કંઈ ફેરફાર થવાનો નથી. અને બળતરા કરાવે એટલી જુદી ! એટલે સ્વતંત્ર શા માટે રહેતા નથી ? નિરીચ્છક રહેવાનું, અમે નિરીચ્છક હોઈએ અને અમે તમને નિરીચ્છક થવાનું કહીએ.

## અંતરાયોની ડખલ !

જેને જે ઈચ્છા હોય તેને દેખાય નહીં કારણ કે ઈચ્છાનું આવરણ ફરી વળેને ? મનુષ્યો તો પરમાત્મા જ છે, અનંત ઐશ્વર્ય પ્રગટ થાય તેમ છે. પણ ઈચ્છા કરી કે મનુષ્ય થઈ ગયો. નહીં તો પોતે જે ચાહે તે મેળવી શકે તેમ છે. પણ અંતરાયને લીધે નથી મેળવી શકતો.

આ ઈચ્છા થાય પછી પાછા આપણા અંતરાયો નડ્યા કરે છે, આપણે નાખેલા અંતરાય. પછી કેમ આ કામ થતું નથી ? આપણે નાખેલા અંતરાય જ આપણને નડે છે. બીજું કોઈ નાખનારું નથી. બીજા કોઈની ડખલ જ નથી. તમારા વ્યવહારમાં કોઈની ડખલ છે નહીં. કોઈ માણસની, કોઈ પરમાત્માની કે કોઈની ય ડખલ છે નહીં. તમારી જ રીસ્પોન્સિબિલિટી છે અને તમે જ છો ! અંતરાય તૂટે એટલે ઈચ્છા પ્રમાણે ભેગું થાય. સત્સંગમાં પૈસા વાપરવા છે એવી ઈચ્છા તો ઘણી હોય, પણ શું થાય ? પહેલાનાં અંતરાય પડેલા છે. તે સંયોગ આવે તો ય પાછો પડી જાય. જ્યારે અંતરાય તૂટે તો સહેજે બધું જ ઈચ્છા મુજબ થઈ જાય.

## નિરંતરાય દશા જ્ઞાનીની !

મહીં આત્મા છે ને, તો જે ઈચ્છા થાય, તે વસ્તુ સામી આવે. તેને બદલે જો પુરુષાર્થ કરે છે, પ્રયત્ન કરે છે, તો ય લોકોને રાગે પડતું નથી અને ઉપરથી કોઈક દહાડો ઝઘડો કરે તે જુદો ! કહેશે, 'શું રોજ રોજ ધક્કા ખા ખા કરો છો ? આ પૈસા કંઈ જતા રહેવાનાં છે ?' તે પેલો ય પછી અકળાય ને કહેશે, 'અલ્યા, હવે આવું બોલે છે ઉપરથી ?' પણ આ તારો પોતાનો જ દોષ છે, એનો દોષ નથી. એ જે કહે છે ને તે આ તારો જ પડઘો છે. આ પ્રોજેક્ટ તેં કર્યો છે, તે જ છે આ પ્રોજેક્ટ !! અંતરાય આવા જ પાડ પાડ કર્યા છે કે પોતાના ધાર્યા પ્રમાણે સફળ ના થાય. કોઈ કહેશે કે 'ધાર્યું એટલે શું ? એ કંઈ પુરુષાર્થ ના કરવો પડે ?' ત્યારે કહે, 'ના, ઈચ્છારૂપી પુરુષાર્થ. તે ઈચ્છા થવી જોઈએ.'

તે અમારે ઘણો ખરો ભાગ, એઈટી પરસેન્ટ અમારે ઈચ્છા થતાંની સાથે જ તરત બધું હાજર હોય અને ઈચ્છા ના થાય તો ય આવ્યા કરે બધી વસ્તુઓ, એટલે આ અંતરાય તૂટ્યા કહેવાય.

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે અમારી એઈટી પરસેન્ટ ઈચ્છાનું આ પ્રમાણે થાય, તો બાકીના વીસ ટકાનું શું ?

**દાદાશ્રી :** એ વીસ ટકાની અમને પડેલી ના હોય. ઈચ્છા થાય ને જો કદી ભેગું ના થાય તો મોડું ભેગું થાય. મોડું એટલે બે-ત્રણ દહાડા પછી ભેગું થાય. પણ એનો ઉકેલ આવી જાય. અને પેલું તો જે તરત ભેગું થાય કે આમ ઈચ્છા થતાંની સાથે જ કે 'હવે જવું છે.' ત્યાર પહેલાં તો કોઈકની ગાડી આવીને ઊભી રહી હોય.

બાકી અમારી પાસે તો ગાડી ય ના હોય ને કશું ય ના હોય.

**પ્રશ્નકર્તા :** મારે તો એ જાણવું હતું કે સેન્ટ પરસેન્ટ કેમ નહીં ? તમે એઈટી પરસેન્ટ કેમ કીધું ?

**દાદાશ્રી :** એટલા અમે ય પણ અંતરાય પાડેલાં ને, પણ મોળા ! નહીં તો અમારે ય કશું ના હોત. પણ એટલું બધું વીસ ટકાનું નથી, થોડું છે, પણ એનાં કરતાં વીસ ટકા કહીએ તો સારું ને ! પાછળથી મનમાં એમ ના થાય કે ભૂલ થઈ ગઈ. એના કરતાં પાંચ-દશ ટકા વધારે ભર્યા હોય તો વાંધો નહીં ને ! આ એંસી ટકા ઓછા છે કંઈ આ કાળમાં ? આ એંસી ટકા માર્ક આવે એટલે અમારી જરૂરિયાત બધી સામી આવે ને !

### કરવા જેવી ઈચ્છા તો....

ઈચ્છાથી જ અંતરાય છે. જેમ જેમ ઈચ્છા ઘટતી જાય તેમ તેમ અંતરાય તૂટતા જાય. ત્યાં પછી બધી જ વસ્તુઓ પ્રાપ્ત થાય. જ્યાં સૂક્ષ્મ પણ ઈચ્છા છે, ત્યાં વસ્તુ પ્રાપ્ત ના થાય. ઈચ્છાઓ પૂરી થાય ત્યારે અંતરાય ના રહે. ઈચ્છા કરે તો તેનો અંતરાય થાય. ભગવાન શું કહે છે ? ઈચ્છા કરવી એ જ અંતરાય કર્મ છે. ઈચ્છા તો એક મોક્ષની અને બીજી જ્ઞાની પુરુષની જ કરવા જેવી છે. એનાથી અંતરાય ના આવે. બીજી બધી જ ઈચ્છાઓ સળગાવ્યા કરશે.

### એમાં કેટલાય સંયોગી પુરાવાઓ...!

જે થવાનું હોય તેની પહેલી ઈચ્છા થાય. પાસ થવાનું હોય તો પાસ થવાની ઈચ્છા પહેલી થાય.

**પ્રશ્નકર્તા :** 'કમિંગ ઈવેન્ટ્સ કાસ્ટ્સ ધેર શેડોઝ બીફોર.' તે આનાં પરથી કહેવાય છે ? તે ઈચ્છાઓ ઉપરથી ખબર પડે કે શું આવવાનું છે હમણાં ?

**દાદાશ્રી :** હા, પણ તે બીજા બધાં બહુ શેડોઝ છે. શેડોઝમાં તો આ એકલું નથી, બીજું બહુ છે. બીજા બહુ સંયોગો છે.

### ઈચ્છા પરથી મેઝર !

ઈચ્છાઓ, એનું સાયન્સ કેવું છે ? કે ઈચ્છા થઈને ઓલવાઈ ગઈ, એ યુઝલેસ ગઈ કહેવાય. અને જે ઈચ્છા વારેઘડીએ આવ્યા કરે એ અવશ્ય થવાનું છે એ નક્કી, પણ ક્યારે થાય એ કહેવાય નહીં. પણ એના પરથી જોઈ લેવાનું, મેઝર (માપ) કાઢી લેવાય કે આ વારે ઘડીએ આવે છે માટે કંઈ થશે એ ચોક્કસ. એટલે આપણે નિરાંતે અઢેલીને બેસવાનું, એક દહાડો થવાનું છે.

### જોનારને ઈચ્છા નહીં !

**પ્રશ્નકર્તા :** બહુ ઈચ્છા થાય એટલે એ કાર્ય અવશ્ય થવાનું ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** બહુ ઈચ્છા થાય, પણ એને આપણે જોયા કરીએ તો ય એ થાય ?

**દાદાશ્રી :** તમારી ઈચ્છા ના હોય. જોયા કરનારને ઈચ્છા ના હોય, ત્યારે જોયા કરે. પોતે સહમત ના હોય તો કશો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** નહીં તો ઊડાડી દે ?

**દાદાશ્રી :** નહીં તો ઊડી જાય. અને તે સહમત હોય તો જાણવું કે ભઈ, હવે આપણે

આ ઈચ્છા કરવાનો શો અર્થ છે ? આ બહુ ઈચ્છા આવે છે માટે થવાનું તો છે જ. તમને ઇંગ્લેન્ડ જવાના બહુ વિચારો આવતા હોય તો જાણવું કે એક દહાડો ઇંગ્લેન્ડ જવું પડશે. પણ હવે ઇંગ્લેન્ડના વિચાર કરીને શું કામ છે ? થવાનું તો છે જ. આવવાનું જ. આવ્યા વગર રહે જ નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે જે ઈચ્છા થાય છે, એ આવવાનું બતાડે જ છે.

**દાદાશ્રી :** વધારે ઈચ્છા થતી હોય, ને વારેઘડીએ ઈચ્છા થયા કરતી હોય તો આવવાનું છે. પણ ઈચ્છા થઈ અને ઊડી જતી હોય તો કશું નહીં.

### ઈચ્છા સામે પોતાની અનિચ્છા !

**પ્રશ્નકર્તા :** કોઈ મહીં અવળું દેખાડતું હોય તે ? સતત દેખાડ્યા કરે તો ?

**દાદાશ્રી :** અવળાને દેખાડતું હોય તો જોઈએ નહીં ને, આપણે અવળાને જોવા ઓછાં કંઈ નવરા છીએ ?

**પ્રશ્નકર્તા :** જે ઈચ્છા જ ઊંધી થાય, કોઈને અહિત કરવાનું કે પોતાને અહિત થતું હોય, એમાં તો ?

**દાદાશ્રી :** પણ 'આપણે' શું આજે ઈચ્છા છે તે જોવાનું. 'આપણે' અહિત કરવાની ઈચ્છા છે કે નહીં તે ! પણ 'આપણી' ઈચ્છા હશે તો અવશ્ય થશે.

**પ્રશ્નકર્તા :** આપણે જાણતા હોઈએ ને, છતાં અહિત કરીએ એવું બને ને ?

**દાદાશ્રી :** 'નથી કરવું' તેને ના થાય અને કરવું હોય તેને ઈચ્છાઓ થાય. એટલે જાણવું કે થઈ જશે આ. બહુ ઈચ્છા આવે એટલે એ કાર્ય થવાનું જ હોય. પણ આપણે કરવું હોય તો થાય ને ના કરવું હોય તો ના પણ થાય. પણ થશે એ વાત નક્કી.

### તીવ્ર ઈચ્છાનું પરિણામ !

**પ્રશ્નકર્તા :** તીવ્ર ઈચ્છા પૂરી કરવાનો ઉપાય શો ?

**દાદાશ્રી :** જેની તીવ્ર ઈચ્છા થઈ, તે વસ્તુ ભેગી થયા વગર રહે જ નહીં. બે વર્ષે, પાંચ વર્ષે ય ભેગી થાય. તીવ્ર ઈચ્છા સ્વયં કહે છે કે તે પૂરી થવાની જ. મોક્ષે જનારની બધી ઈચ્છાઓ પૂરી થાય, ત્યારે જ મોક્ષે જવાય.

### કુદરતના નિયમો !

**પ્રશ્નકર્તા :** પણ એ ઈચ્છા કેવી રીતે પૂરી થાય ? એ તો એક ઈચ્છા જાય ને બીજી આવે ?

**દાદાશ્રી :** એ તો હંમેશાં બીજી આવે જ. કાયદો શું કહે છે ? કે જે જે ઈચ્છાઓ તને થાય છે, તે અવશ્ય પૂરી થવાની જ. પણ તેને વિચારવાથી કંઈ ના વળે. ઊલટું ડખો થાય.

મનનો સ્વભાવ કેવો છે ? કે નવું નવું ખોળે. ઘરમાં નવો સોફો ખોળે, નવો ફ્લેટ ખોળે. તબિયત સારી હોય તો ફ્લેટની વાત કરે અને તબિયત બગડી એટલે કહેશે, 'ફ્લેટ હવે નથી જોઈતો.' તબિયત સુધરે એવી બાધા રાખે. મન તો વાંદરાને પેઠે કૂદકા મારે ને પાછું વગર પૂંછડીએ. કુદરત શું કહે છે, ''હું તને જે આપું તેને કરેક્ટ માન, 'વ્યવસ્થિત' છે એમ માની, તારી બધી જ ઈચ્છાઓ હું ધીમે ધીમે મારી જોગવાઈએ પૂરી કરીશ. તારા મરતાં પહેલાં તારી ઈચ્છાઓ પૂરી કરીશ.''

## અધોગતિનો કાયદો !

**પ્રશ્નકર્તા :** ઘણાં લોકોમાં તો ઈચ્છા થતાંની સાથે વસ્તુ હાજર થઈ જાય, એ શું કહેવાય ?

**દાદાશ્રી :** ઈચ્છા તરત પૂરી થાય એટલે પછી રંગે ચઢે. એવો રંગ ચઢે કે પછી માર ખાઈ ખાઈને મરી જાય ને અધોગતિમાં જાય. કારણ કે મનનો સ્વભાવ કેવો છે ? કે એક ફેર કૂદવાની જગ્યા મળી, એટલે એ કૂદમકૂદી કરી મૂકે. ઈચ્છા થઈને તરત મળ્યું કે ઘરમાં પગ ના મૂકે, ઊંચો ને ઊંચો રહે. બાપને ગણકારે નહીં અને કોઈને ય ગણકારે નહીં.

એટલે ઈચ્છા થઈને મળે તો જાણવું કે અધોગતિમાં જવાનું છે. એનું મગજ વધતું વધતું ચક્રમ થઈ જાય. થોડા-ઘણાંને અત્યારે ઈચ્છા પ્રમાણે મળ્યું છે, તે તો અત્યારે પાંચ-દસ લાખના ફલેટમાં છે ને તે બધાની કેવી દશા થઈ ગઈ છે !! ફલેટ હોય દસ લાખનો, પણ એમાં એમને હિતકારી નથી એ. પણ આ તો એમની દયા ખાવા જેવી સ્થિતિ છે.

## કળિયુગમાં હિતકારી શું ?

**પ્રશ્નકર્તા :** ઈચ્છા પૂરી થવા શું કરવું ?

**દાદાશ્રી :** આ કળિયુગ છે ને, તે ઈચ્છાઓની જો પ્રાપ્તિ થાયને, તો આપણો અહંકાર વધી જાય. ને પછી ગાડું ઊંધું ચાલે. એટલે આ કળિયુગમાં હંમેશાં એને ઠોકરો વાગેને, તો જ સારું. એટલે દરેક યુગમાં આ વાક્ય જુદું જુદું હોય છે. એટલે આ યુગને અનુસરીને આ વાક્ય આવી રીતે કહેવાય. અત્યારે જો એ ઈચ્છા પ્રમાણે ભેગું થાય ને, તો અહંકાર વધે. મળે છે બધું પુણ્યના હિસાબે, અને વધે છે શું ? અહંકાર-'હું છું.' એટલે આ જેટલી ઈચ્છાઓ થાય છે ને, એ પ્રમાણે ના થાય તો એનો અહંકાર ઠેકાણે રહે ને વાતને સમજતો થાય. ઠોકરો વાગે ને ત્યારે સમજાય, નહીં તો સમજાય જ નહીં. ઈચ્છા પ્રમાણે થયું ત્યારે તો આ દશા થઈ બિચારાની. જે પુણ્યૈ હતી, તે વપરાઈ ગઈ ને ઊલટું ફસામણમાં આવી ગયા. અહંકાર ગાંડો થઈ ગયો. અહંકારને વધતાં વાર ન લાગે. ફળ કોણ આપે છે ? પુણ્યૈ આપે છે ને મનમાં શું જાણે કે હું જ કરું છું. તે અહંકારીને તો માર જ પડેલો સારો. ઠોકરો ખાઈ ખાઈને એને જે પ્રાપ્તિ થાય ને તેમાં જ ફાયદો.

## કુદરતની સુંદર ગોઠવણી !

કુદરતનો કાયદો એવો છે કે ઈચ્છા થાય ને વસ્તુ મળે તો એ લપસી રહ્યા છે, અધોગતિમાં જઈ રહ્યા છે. અને ઈચ્છા હોય તો વસ્તુનું ઠેકાણું ના પડે અને ઠેકાણું પડે ત્યારે ઈચ્છા ના હોય. તે ઉર્ધ્વગતિમાં લઈ જનારું કહેવાય, સારું કહેવાય એ. ઈચ્છા મરી જાય ત્યારે વસ્તુ ભેગી થાય. એક જણ પંચાવન વર્ષનો હતો, ત્યાં સુધી પૈણવાના વિચાર કરે ને લોકોને કહે કહે કરે કે 'કોઈ કન્યા શોધી આપો.' અને પછી જ્યારે અઠ્ઠાવન વર્ષનો થયો ત્યારે કોઈ કહેવા આવ્યું કે 'અમારી એક છોડી છે, જો તારે પૈણવું હોય તો !' ત્યારે પેલો કહે કે 'ના, હવે મારી ઈચ્છા મરી ગઈ છે.' માજી સિત્તેર વર્ષનાં થાય ત્યારે હીરાના કાપ લઈ આપે, તેનો શો અર્થ ?

કુદરતે કેવી સુંદર ગોઠવણી કરી છે ! જેને ઊર્ધ્વગતિમાં જવાનું છે, તેની બધી જ ઈચ્છા પ્રમાણે પૂરું પાડવાનું, પણ તે ઈચ્છા પૂરી થઈ ગયા પછી. અને અધોગતિમાં જવાનું છે તેને

તરત જ વસ્તુ પૂરી પાડવાની. માટે કુદરતની આ વાતને સમજો. આ કુદરતના કાયદા જુદી જાતનાં છે. ઊર્ધ્વગતિમાં લઈ જવાના હોય તેનાં કાયદા જુદા અને અધોગતિમાં ઘસડી જવાનાં કાયદા જુદા. ઈચ્છા તો બધાયની પૂરી થવાની જ.

## અપ્રાપ્તની ઈચ્છાથી દુઃખી !

જે પ્રાપ્ત હોય તે ભોગવવું. જે આવ્યું હોય તેને નિરાંતે ખાવું, પીવું, બધું જ કરવું. ના આવે તો કંઈ નહીં. આ તો પ્રાપ્ત સુખને તરછોડીએ કે 'પેલું ય મળે તો કેવું સરસ !' અલ્યા, આત્મામાં રહે ને ! પ્રાપ્તને ભોગવ ને! પણ બેભાન લોકો આ સુખને ખોઈ નાખે અને કંઈ ઈચ્છામાં જ પડ્યો હોય કે 'સાસરે ક્યારે જવાય ?' અલ્યા, સાસરે જવાનું હશે ત્યારે જવાશે, ને ના જવાય તો ઘેર રહ્યું.

**પ્રશ્નકર્તા** : આમાં તરછોડવાનું ક્યાં આવ્યું ?

**દાદાશ્રી** : તરછોડ જ કરીએ છીએને ? કારણ કે પ્રાપ્ત વસ્તુને ભોગવતો નથી. પ્રાપ્ત સુખ મળ્યું હોય તેને ભોગવતો નથી ને અપ્રાપ્તની ચિંતા કરે છે. હવે કેવું સરસ અહીં આગળ બેઠાં છીએ આપણે આ જગ્યામાં. આને ભોગવીએ ત્યારે અપ્રાપ્તની ચિંતા કરે છે, જે મળ્યું નહીં તેની. એને શું કરવું ? એ સમજણ ના પડે, એટલે આ માર ખાયા કરે બિચારાં.

કેરી સારી હોય તો મનમાં એમ થાય કે 'લાવ બીજી ખાઈએ.' પણ ઈચ્છા કરે નહીં. આવી પડે તો ખાય, તો બધું સારું જ છે ને ! શું ખરાબ છે દુનિયામાં ? પછી એકલો શ્રીખંડ ખાતો હોય કે એકલી કેરીઓ ખાધી હોય ! આ તો બધી ઈચ્છાઓ પૂરી કરીને મોક્ષે લઈ જાય. બધી ઈચ્છાઓ પૂરી થાય એવા સંજોગો ભેગા કરી આપે અને પછી મોક્ષે જાય. પોતે જ્ઞાતા-દ્રષ્ટા છે અને દેહને ભોગવવા દો, જે પ્રાપ્ત થાય તે. પ્રાપ્તને ભોગવો. અપ્રાપ્તની ચિંતા કરે છે ને પ્રાપ્તને ભોગવતા નથી, તેથી જગત દુઃખી છે ને !

## સંતોષ, તૃષ્ણા, તૃપ્તિ !

**પ્રશ્નકર્તા** : આપે પેલું દ્રષ્ટાંત આપ્યું છે ને, કે બાસમતી ચોખામાં કાંકરી નાખીને ખાય.

**દાદાશ્રી** : એ તો આખું જગતે ય અત્યારે ફર્સ્ટ કલાસ ચોખા છે, એમાં કાંકરી નાખીને જ ખાય છે ! એટલે પોતાને નિરાકૂળતા ઉત્પન્ન થતી નથી, પૂરો સંતોષે ય થતો નથી. સંતોષ તો થવો જ જોઈએ. કોઈ પણ વિષય હંમેશાં સંતોષ આપે જ અને ત્યાં તો સંતોષે ય નહીં દેખાતો. તૃપ્તિ તો ના હોય, પણ સંતોષે ય નહીં દેખાતો.

તૃપ્તિ ને સંતોષમાં ફેર ખરો ? તૃપ્તિ ને સંતોષમાં ફેર તો હશે ને ? તૃપ્તિ એટલે એના તરફના વિચારો ના આવે. સંતોષમાં તો સંતોષ થાય. પછી એનું એ જ પાછું ખોળવું પડે. દૂધપાકમાં આજે સંતોષ થયો હોય તો ફરી પાછો દૂધપાકની ઈચ્છાઓ થાય અને તૃપ્તિ એટલે દૂધપાકની ઈચ્છાઓ થાય નહીં અને પ્રાપ્તિ થયા કરે. એ તૃપ્તિ કહેવાય. ફરી ભોગવવાની ઈચ્છા ના થાય, એનું નામ તૃપ્તિ. લોકોને સંતોષ થાય છે, પણ તૃપ્તિ થતી નથી. સંતોષ શાથી થાય છે ? એણે ઈચ્છા કરી હતી કે 'રસ-રોટલી ખાવા મળે તો ઠીક.' તે મળે એટલે સંતોષ થાય. ઈચ્છા પૂરી થઈ, એનું નામ સંતોષ. પણ તૃપ્તિ ના થાય. તૃપ્તિ તો જ્ઞાનીને હોય.

**પ્રશ્નકર્તા** : સંતોષ રાખે તો અશાંતિ ના રહેને ?

**દાદાશ્રી :** સંતોષ એવી વસ્તુ છે કે રાખ્યો રહે એવો નથી. આપણા લોકોને ખાંડનો કંટ્રોલ આવ્યો કે તરત કહે, 'ભઈ, સંતોષ રાખજો. આપણે ખાંડ નથી પણ સંતોષ રાખજો.' પણ સંતોષ રહે નહીં મહીં. એ ય દસ વાગે નીકળી ક્યાં કાળા બજારની ખાંડ મળે છે, તે ખોળી લાવીને દશ શેર લઈ આવે. એટલે સંતોષ રહે નહીં તેથી ને ! સંતોષ એ પરિણામ છે. પૂર્વે સંતપુરુષોનું સાંભળેલું હોય, તેનાં પરિણામે સંતોષ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્નકર્તા :** સંતોના સમાગમથી એ બધું મળી રહે ?

**દાદાશ્રી :** બધું મળી રહે. હા, સંતો પાસે શું ના મળે ? સંતો પાસે હરેક ચીજ મળે. સંતોષનો ખરો અર્થ સમતૃષ્ણા !

મનની ઈચ્છા પ્રમાણે દૂધપાક મળ્યો, એટલે મન મરી ગયું. પણ દૂધપાક ખાતાં ખાતાં ફરી આવો દૂધપાક મળે એ તૃષ્ણા ઊભી થાય. એટલે મન પાછું જીવતું થઈ જાય. આ જ્ઞાન ઊંધું મળે છે. તેનાથી તૃષ્ણા થાય છે અને આ ઊંધા જ્ઞાનની આરાધના કરે છે, તેનાથી આ બધા દુ:ખો છે. તૃષ્ણા અનંત છે અને મનુષ્યોના વિકલ્પો અસંખ્યાત છે. એમાં મનુષ્યો મેળ શી રીતે ખાય ? અને આ જગતમાં કોઈ ચીજ એવી નથી કે જેનાથી તૃષ્ણા ઓલવાય. તૃષ્ણાએ ચઢ્યો એટલે તરસ, ગમે એટલું પાણી પાઈએ તો ય તરસ છીપે નહીં. તૃષ્ણા એટલે તરસ કહેવાય. જ્યાં ને ત્યાં જુએ. આમ જુએ ને તેમ જુએ, એને આશા કહેવામાં આવે છે અને એનાથી તૃષ્ણા ઊભી થાય.

**પ્રશ્નકર્તા :** મહીં આશા, નિરાશા કેમ આવે છે ?

**દાદાશ્રી :** આશા-નિરાશા, ઈચ્છાઓ એ દેહનો ધર્મ છે. એ એનો ધર્મ બજાવ્યા જ કરે. આશા નિરાશારૂપે સાંપડે, એ આશા શા કામની ? ગાડી મળશે એવી આશા રાખ, પણ વખતે ગાડી ના મળી, તો આશા નહોતી એવું રાખ. સંસારની આશા રાખીએ, લાલચ રાખીએ તો ય અને ના રાખીએ તો ય એનું એ જ ફળ આવવાનું છે, તો આની શી લાલચો ?

## ઈચ્છાનાં ઉદ્ભવસ્થાન !

**પ્રશ્નકર્તા :** આ ઈચ્છા ક્યાંથી ઉત્પન્ન થઈ ? ઈચ્છાનું ઉદ્ભવસ્થાન શું ?

**દાદાશ્રી :** ઈચ્છા બધી સંજોગવશાત્ થાય છે. ઈચ્છા સંજોગોના દબાણથી ઉત્પન્ન થાય છે. અત્યારે આ બધાને ઓઢવાની ઈચ્છા થતી નથી, પણ ઠંડી એકદમ પડે તો બધાને એની ઈચ્છા થાય. એ સંજોગોના દબાણને લીધે થાય. સંજોગો દેખાયને, ત્યાં ઈચ્છા થાય. કોઈ સાઠ વર્ષે પૈણેલો હોય, એને જુએ ત્યારે થાય કે 'સાઠ વર્ષે પૈણવામાં કશો વાંધો નથી. મારે તો વાઈફ છે, નહીં તો હું ય પૈણું.' એવું કહેશે ! રાગ હોય તો ઈચ્છા થાય. રાગ હોય તો સારું કરવાની ઈચ્છા થાય અને દ્વેષ હોય તો ખરાબ કરવાની ઈચ્છા થાય. ઈચ્છાઓ બુદ્ધિના આશયમાં જે તું લાવ્યો હોય તેની થયા કરે. બુદ્ધિના આશયમાં જે સુખ તું લાવ્યો હોય, તે સુખ તને પુણ્ય ખર્ચીને મળ્યા કરે.

## ઈચ્છા, પુદ્ગલ પરિણામ !

**પ્રશ્નકર્તા :** ઈચ્છા એ પરતંત્રપણું છે, તો ઈચ્છા શું રાખવી કશાની ?

**દાદાશ્રી :** ઈચ્છા ના રાખવી હોય તો ય છૂટે તેમ નથી ને ! ઈચ્છાઓ પુદ્ગલ કરે છે.

તે દબાય શી રીતે ? જો તમે ઈચ્છા કરતા હો, તો તેને બંધ કરી દો ને ! પણ તે તેમ નથી થતી. માટે ઈચ્છા પુદ્ગલ વસ્તુ છે. ઈચ્છા એ જ પરવશપણું છે.

## ઈચ્છા, ફરજિયાત કે મરજિયાત ?

**પ્રશ્નકર્તા :** ઈચ્છા ફરજિયાત કેવી રીતે હોઈ શકે ?

**દાદાશ્રી :** બધી ઈચ્છા ફરજિયાત છે. કોઈ પણ પ્રકારની ઈચ્છા તમને ઉત્પન્ન થાય એ બધી જ ફરજિયાત છે. પછી સંડાસ જવાની હો કે પછી ચા પીવાની હો કે પછી માથે બામ ઘસવાની હો કે કાં તો મરવાની ઈચ્છા. કોઈ પણ માણસ મરવાની ઈચ્છા વગર મરે નહીં, કારણ કે દુનિયાનો કાયદો એવો છે. માણસ સ્વતંત્ર છે. કોણ એને મારી શકે એવો છે આ દુનિયામાં ?

પણ હવે તમને આથમતી ઈચ્છાઓ રહી એ ફરજિયાત છે. જેના કર્યા વગર ચાલે જ નહીં એવી ઈચ્છા. કર્યા વગર ચાલે નહીં એ ફરજિયાત ઈચ્છાઓ કહેવાય છે અને પેલી મરજિયાત ઈચ્છાઓ, ઊગતી ઈચ્છાઓ મરજિયાત છે.

## ચાર્જ ઈચ્છા - ડિસ્ચાર્જ ઈચ્છા !

બે પ્રકારની ઈચ્છાઓ - એક ઊગતી ઈચ્છા અને બીજી આથમતી ઈચ્છા. એટલે એક ચાર્જ ઈચ્છા અને બીજી ડિસ્ચાર્જ ઈચ્છા. ઊગતી ઈચ્છા બંધનકારક છે અને તે બળતરા ઊભી કરે છે. આત્મા પ્રાપ્ત કર્યા પછી જે જે ઈચ્છાઓ થતી લાગે છે, એ બધી ડિસ્ચાર્જ ઈચ્છાઓ છે. એ નિકાલી ઈચ્છાઓ છે. ચાર્જ ઈચ્છા એ બંધન છે. જગત આખું ચાર્જ ઈચ્છાઓમાં છે ને બીજ પડે, એને ઈચ્છા કહેવામાં આવી છે.

## ઊગતી ઈચ્છા અને આથમતી ઈચ્છા !

**પ્રશ્નકર્તા :** ઊગતી ઈચ્છા અને આથમતી ઈચ્છા, એ જરા વિસ્તારથી સમજાવો.

**દાદાશ્રી :** અહીં આગળ સવારે સાત વાગે જોઈએ અને સાંજે પાંચ વાગે જોઈએ, તો એક ઊગતો સૂર્યનારાયણ અને એક આથમતો સૂર્યનારાયણ, એ બે ય એવા સરખાં જ દેખાય. પણ બેમાં ફેર છે. એ આથમતો સૂર્ય થોડા વખત પછી દેખાવાનો નથી. તેવી આ ઈચ્છા તે આથમતી ઈચ્છા છે. અહીં કશું ફરી વધવાનું નથી.

જેમ આગળ ઊંધું જવાનું બંધ કર્યું અને પાછાં ફર્યા, ત્યાંથી એને પ્રોગ્રેસ કહેવાય. એવી રીતે આ ડિસ્ચાર્જ ઈચ્છા કહેવાય, આથમતી ઈચ્છા કહેવાય.

આથમતી ઈચ્છા એટલે આ સૂર્ય-નારાયણ લાગે ઊગતા જેવાં, પણ એનો કોઈ ભો નથી, આથમવાની તૈયારીવાળા છે. આ ખાવા-પીવાની ઈચ્છા છે ને સંસારી, તે બધી આથમતી ઈચ્છા છે. ઊગતી ઈચ્છા એ ભાવકર્મ છે. આ જગતને ઊગતી ઈચ્છાઓ બધી બહુ હોય. 'આમ કરીશું ને તેમ કરીશું, ફલાણું કરીશું.' આથમતી ઈચ્છાઓ એ ડિસ્ચાર્જ ઈચ્છાઓ કહેવાય. એ નડતી નથી, બીજ નથી નાખે એવી. કારણ કે આપણે 'વ્યવસ્થિત'ને કર્તા માનીએ છીએ ને ! આપણે જાતે કર્તા નથી ને એટલે એ બીજ નાખતી નથી. કર્તા હોય તો બીજ પડે. જેમાં તમે કર્તા હોય, તેમાં બીજ પડે. કર્મ કર્તાને આધીન છે.

આ જ્ઞાન ના મળ્યું હોય ત્યાં સુધી 'હું ચંદુલાલ જ છું' એવું જ્યાં સુધી હોય, ત્યાં સુધી ઈચ્છા એ બીજ રૂપે છે. પછી ઝાડ રૂપે થાય. એ કૉઝ (કારણ) છે, 'હું ચંદુલાલ છું'. એ વાસ્તવિક હોય ત્યાં સુધી ઈચ્છાઓ થાય છે એ કૉઝીઝ છે અને 'હું શુદ્ધાત્મા છું' પછી જે ઈચ્છાઓ થાય છે, એ નિકાલી બાબત છે. ઈચ્છા તો બેઉ કહેવાય છે !

**પ્રશ્નકર્તા :** તો ચાર્જ ઈચ્છા થઈ ક્યારે કહેવાય ?

**દાદાશ્રી :** ચાર્જ ઈચ્છા એટલે ઊગતી ઈચ્છા ! ઊગતી ઈચ્છા તો તમે 'ચંદુલાલ' છો એ નક્કી થાય, ત્યારે પછી ઊગતી ઈચ્છા થાય. એ નક્કી નથી થવું ને.

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તો પછી કર્તા વગર કર્મ શી રીતે બંધાય ? ઊગતી ઈચ્છા કોને કહેવાય ? કર્મ બંધાય તેને. હવે મહીં ઊગતી દેખાય છે, તે કંઈ ઊગતી ઈચ્છા નથી. કર્તા વગર શી રીતે ઊગે ? કર્તા હોય તો બીજ પડે ને ! બીજ પડે એટલે ઊગે. પણ કર્તા નથી, તો બીજ ક્યાંથી પડે ? ને બીજ નથી, તો ઊગે કેવી રીતે ?

તમને 'હું ચંદુલાલ છું' ને 'હું કર્તા છું', એવું નથી ભાસતું ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તો ચાર્જ ઈચ્છા ક્યારે ય ના આવે. કારણ કે કર્તા વગર શી રીતે કર્મ બંધાય ? 'હું ચંદુલાલ છું' એ જ અજ્ઞાન છે. અજ્ઞાન એ જ કર્તાપદ છે. અને જ્ઞાન અકર્તાભાવે છે. અજ્ઞાન ગયું કે કર્તાપદ ઊડ્યું પછી ચાર્જ ના થાય. વખતે મહીં લાગે, શંકા પડે કે 'આ ઊગતી ઈચ્છા છે.' એવું તેવું પણ બધી જ ઈચ્છા આથમતી ! કર્તાપદ જવું જોઈએ. અને કોઈ કહેશે કે 'અહંકાર તો રહેતો હશે કે નહીં ?' તો કર્મ કરવા માટે તો અહંકારની જરૂર પડે જ. પણ એ નાટકીય અહંકાર રહ્યો, ડ્રામેટિક અહંકાર રહ્યો. જીવતો અહંકાર ગયો. સજીવ અને અજીવ, એ બે ભેગું અહંકાર હોય. એમાં તમને આ જ્ઞાન આપ્યા પછી સજીવ ભાગ ખેંચી લઈએ. એટલે નિર્જીવ એકલો રહે. બે ભાગ જુદા પાડ્યા. આમાંથી સજીવ જે ભાગ હતોને, એ ખેંચી લીધો પાછો, ને આત્મામાં જ ગોઠવી દઈએ પાછો. એટલે શુદ્ધાત્મા બધું ય આવી ગયું ને આ નિર્જીવ ભાગ જુદો પડી ગયો.

એટલે આ ઊગતી ઈચ્છાઓ બંધ થઈ ગઈ. આથમતી ઈચ્છાઓ રહી ગઈ. ઊગતી ઈચ્છાઓને આશા કહેવાય છે. એ ચાલુ વેલો ઊગ્યા કરે. આથમતી ઈચ્છાઓનો વાંધો ના કહેવાય. ઊગતી ઈચ્છાનો વાંધો ! આથમતી ઈચ્છાઓ ડિસ્ચાર્જ સ્વરૂપે છે અને ઊગતી ઈચ્છા તે ફરી ચાર્જ કરે. એટલે ચેતતા રહેવું જોઈએ. એટલે તમારે ચેતતા રહેવું પડે. જાગૃતિ બહુ રાખવી પડશે.

### આથમતી ઈચ્છા, જ્ઞાનીને ય !

મને ય બપોરે એક વાગી ગયો હોય ને, તો હું ય આમ રસોડા ભણી જોયા કરું. તમે સમજી જાવ કે દાદાની કશી ઈચ્છા છે. અમે તપાસે ય કરીએ કે 'જમવાનું શું થયું ?' કોઈ ઈચ્છા વગર જોતા હશે ? એ ઈચ્છા તો ખરી, પણ એ નિકાલી ઈચ્છા ! આ ઈચ્છા ડિસ્ચાર્જ ઈચ્છા છે.

**પ્રશ્નકર્તા :** એ ઈચ્છા કંઈ ચોંટે નહીં.

**દાદાશ્રી :** ના. નહીં ચોંટે એ ઈચ્છા. ડિસ્ચાર્જ છે એટલે ચોંટે નહીં. મારી જેટલી બધી ઈચ્છા છે એ કશું જ ચોંટે નહીં. મને ના થાય કે એક વાગી ગયો, ખાવાનું નથી આવ્યું ? અરે, પાણી મેં મંગાવ્યું હોય અને અરધા કલાક સુધી ના આવે તો હું જોયા કરું. તેથી તમે ના સમજી જાવ કે કશીક ઈચ્છા છે ? હમણાં સત્સંગમાં જવાનું મોડું થાય તો હું આમ આમ જોયા કરું. તમે ના જાણો કે દાદાને ઈચ્છા છે ? એ બધું ડિસ્ચાર્જ છે. ડિસ્ચાર્જ ઈચ્છાઓનો વાંધો છે જ નહીં. અહીં આવીએ છીએ, તે ય ઈચ્છા તો ખરી જ ને ? પણ આથમતી ઈચ્છા કહેવાય એ અને કહીએ છીએ 'મારાથી ઈચ્છા થાય તો અવાય ને ?' એ ઈચ્છા પણ બધી નિકાલી. ચોંટે નહીં. ચોંટે ક્યાં સુધી ? કે 'હું ચંદુલાલ છું' ત્યાં સુધી જ. આ ઈચ્છાઓનો કરનાર હું નથી, આ ઈચ્છાઓને કરનાર આપણે નથી. ઈચ્છા કરવી નથી, છતાં થાય છે. તો એ ઈચ્છા ચોંટે નહીં!

### ઈચ્છાસત્તા, ઉદયસત્તા !

હવે ઉદયની સત્તા રહી, પોતાની ઈચ્છાની સત્તા ગઈ. પોતાની ઈચ્છાઓની સત્તા હતી, પોતાની ઈચ્છા ના કરવી હોય તો ય ઈચ્છાઓ થતી હતી. એ સત્તા ગઈ હવે. ઉદયની સત્તા રહી હવે. ઈચ્છાની સત્તા અને ઉદયની સત્તા, બેમાંથી જગત ચાલી રહ્યું છે. ઈચ્છાસત્તા બંધ થઈ જાય એટલે ઉદયસત્તા રહી. ના ગમતું હોય તો ય ઉદય તો રહ્યું જ.

### આમાં પોતાની ઈચ્છા તો...

ઈચ્છા માત્ર ડિસ્ચાર્જ છે, પણ જે ઈચ્છા આ ભવમાં પૂરી ના થાય એવી હોય, તે ડિસ્ચાર્જ ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ તે ચાર્જ પણ ના કહેવાય ને !

**દાદાશ્રી :** પણ એવી ઈચ્છા જ ના થવી જોઈએ ને ? નકામો વેસ્ટ ઓફ ટાઈમને ? 'અમારી ઈચ્છા છે કે આવું થાવ. પછી આવું થાવ કે ના થાવ, એ તારી મરજીની વાત છે.' એવું ઉદયકર્મને કહીએ, 'અમારી ભાવના, ઈચ્છા આવી છે. ના થાવ તો અમારે વાંધો નથી અને થાવ તો ય અમારે વાંધો નથી.' એવું બોલવું. ઈચ્છાઓ ભલે રહી. તેમાં રાગ-દ્વેષ ના હોવાં જોઈએ. એટલે થાય તો ય ભલે ને ના થાય તો ય ભલે.

### શુદ્ધાત્મા થાય ત્યારે...

**પ્રશ્નકર્તા :** એ તો મરે, ત્યારે જ પત્તો ખાય. નહીં તો એ ઈચ્છાઓ ક્યારે પતે ?

**દાદાશ્રી :** ત્યારે બધી આ એ જ ઉપાધિ છે ને ? સારું છે કે હવે તમને (મહાત્માઓને) નવી ઈચ્છાઓ બંધ થઈ ગઈ. જૂની છે એ તો છે. એનો મેળ પડશેને ? ઈચ્છાઓ પૂરી ક્યારે થશે ? શુદ્ધાત્મા થાય ત્યારે. આ ઈચ્છાઓનો સમુદ્ર છે. એક ઈચ્છા પૂરી થાય ત્યારે બીજી શરૂ થાય. જ્ઞાન વગર ઈચ્છા જાય નહીં.

### ઈચ્છા, ઉપશમભાવે !

આ દેહ એ મોક્ષે જવા દે એવો દેહ જ નથી. મોક્ષે જાય એ દેહ તો સુંદર દેખાતો હોય, ભવ્ય દેખાતો હોય કે જેને કંઈ પણ ઈચ્છા ના રહી હોય. આ આવા દેહ ના હોય ને એક-બે અવતાર થશે તે એવાં થશે, તે એવાં ભવ્ય થશે. બધી ઈચ્છાઓ પૂરી થાય ને પછી મોક્ષે જવાનું.

આ જ્ઞાન આપ્યું ને, તે ઈચ્છાઓ મહીં

જે છે ને તે ઉપશમ થઈ ગયેલી છે. ઈચ્છાઓ બધી જે હતી તેને આગળ માર્ગ ના મળ્યો એટલે ઉપશમ થઈ ગઈ. તે આવતે ભવ ઈચ્છાનું ફળ આ પુણ્યથી મળશે. ઈચ્છા પેલી અને પુણ્ય આ. એવો ગુણાકાર, સુંદર ગુણાકાર થવાનો ! આ તો અત્યારે ઈચ્છાઓ બધી ઉપશમ થયેલી છે. માણસ માત્ર ઈચ્છાવાન હોય. અમે જ્ઞાન આપીએ ને, તે જ મિનિટે પછી તેની બધી ઈચ્છા કપાઈ જાય. એટલે પછી ઉપશમ થઈ ગયેલી ઈચ્છાઓ ફળ આપશે. પણ એની ઈચ્છાઓ પૂરી કર્યા પછી જ મોક્ષમાં પેસવા દે. નહીં તો મહીં જાત જાતની ઈચ્છાઓ રહી ગયેલી હોય, તેને ત્યાં કંઈ પેસવા દેતા હોય ? અને આવા રઘવાટિયા માણસને પેસવા દે ? આ બધો રઘવાટીયો માલ, આવા માણસ કેમ પોષાય ? મોક્ષમાં જનારા તો કેવાં હોય ? જાહોજલાલીવાળા હોય, જમવા પાટલા પર બેસવાની ઉતાવળ નહીં, જમીને ઊઠવામાં ઉતાવળ નહીં, ગાડીમાં બેસવાની ઉતાવળ નહીં, ટ્રેનમાં બેસવાની ઉતાવળ નહીં, બસમાં બેસવાની ઉતાવળ નહીં. આ તો ધક્કા માર માર કર્યા કરે, રઘવાટીયો બોલે છે એને ત્યાં મોક્ષમાં પેસવા ના દે.

આજે ઈચ્છા નથી ને, એ દબાઈ ગયેલી છે. પણ એ ઊગશે તે ઘડીએ પણ એ પૂરી કરવી પડે, છૂટકો જ ના થાય. ત્યાં આગળ મોક્ષમાં પેસવા જ ના દે. ત્યાં તો નિરીચ્છક, કશું જ જેને જોઈતું ના હોય ! અત્યારે ભાવ નથી ઉત્પન્ન થતો, તે જ્ઞાનના પ્રતાપે.

